સે-૨૨ જૈનદેરાસર ખાતે પ.પૂ.મુનિરાજશ્રીઅભયરત્નબોધિવિજયજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વ દરમ્યાન થયેલી તપસ્યા

એસ.ટી. ડેપોમાં રક્તદાન શિબિર યોજાઈ ૬૫ બોટલ રક્ત એકત્રિત

ડ્રાઈવર-કડંકટરો સહિત મુસાફરોએ પણ ઉમળકાભેર રકતદાન કર્યું

ગાંધીનગર, તા.૧૮

એસ.ટી. ડેપો સંકુલમાં આજે યોજાયેલ રકતદાન શિબિરમાં ૬૫ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. એસ.ટી.ના ડ્રાઈવર-કડંકટરો સહિત મુસાફરોએ પણ ઉમદા અભિયાનમાં યોગદાન પુરું પાડયું હતું.

તેરા યુવક મંડળ અને એસ.ટી.ડેપોના સંયુકત ઉપકમે આજે સવારે ડેપો સંકુલમાં રકતદાન શિબિર યોજવામાં આવી હતી. રકતદાન શિબિર દરમિયાન વાહન વ્યવહાર વિભાગના ડેપ્યુટી સેકેટરી શ્રી ત્રિવેદી, ચીફ મીકેનીકલ એન્જિનિયર અશોક રાવળ તેમજ ડિવિઝનલ કચેરીના વિભાગીય નિયામક એમ.આઈ. સિંધી અને ડેપો મેનેજર યોગેશ પટેલે ઉપસ્થિત રહી રકતદાન કર્યું હતું. રકતદાનના આ ઉમદા અભિયાનમાં ડેપોના ડ્રાઈવર-કડંકટર સહિત અન્ય કર્મચારીઓએ પણ રકત આપ્યું હતું. જયારે ડેપોમાં જ શિબિર યોજવામાં આવી હોવાથી રકતદાન કરવા ઈચ્છતા મુસાફરો પણ શિબિરમાં જોડાયા હતા. શિબિરના અંતે ૬૫ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. એકત્રિત રકત સિવિલની બ્લડ બેન્કમાં સુપ્રત કરવામાં આવ્યું હતું.

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા કોલવડામાં ૬૦૦ દર્દીઓનો નિદાન કેમ્પ

રોટરી કલબ ઓફ ગાંધીનગર તથા બોડીલાઈન હોસ્પિટલ પાલડી, અમદાવાદના સૌજન્યથી કોલવડામાં મેડીકલ કેમ્પ યોજાયો હતો. જેમાં યુરોલોજી, કિડની, પથરી, બ્લડપ્રેશર, ડાયાબીટીસ, દાંતના રોગો, બાળ રોગો, હૃદયરોહ, હાડકાના રોગોની બિમારીનું નિદાન થયેલ હતું.

ડૉ. શૈલેષ શાહ, ડૉ. વિજય ઉપાધ્યાય, ડૉ. ફાલ્ગુન આચાર્ય, ડૉ. નીથી મહેતા દ્વારા ૬૦૦ દર્દીઓને નિદાન તથા સારવાર આપી હતી. આ પ્રસંગે રોટરી પ્રેસીડેન્ટ સમીર ત્રિવેદી, મેહુલ મહેતા, રાહુલ મહેતા, ચૈતન્ય શુકલા, સુધીર કુમાર, કિરણ પટેલ, દિલીપ પટેલ, નીતીન વાઘેલા તથા રાકેશ પટેલે મહેનત ઉઠાવી હતી.

સમાચાર ઝલક

- ગોવા-વિદેશીઓમાં પ્રવાસનનું હોટ સ્પોટ.
- આપઘાતનો પ્રયાસ ગુન્હો નહી બને મેન્ટલ હેલ્થ બીલ આવે છે.
- ગોવાની ભાજપા સરકાર વર્ષમાં ૧૨ સબસીડીવાળા ગેસનાં બાટલા આપશે.
- વિકલાંગને એસ.સી., એસ.ટી.ની સમકક્ષ અનામતનો લાભ મળે : દિલ્હી હાઇકોર્ટનો ચુકાદો.
- ભારત દુનિયાનું સૌથી ઝડપી સુપર કોમ્પ્યુટર બનાવશે.
- પ્લાસ્ટિકનાં કપમાં ચા કે કોફી પીનારા સાવધાન.
- સોની બજારમાં બાળમજૂરીનું પ્રમાણ સૌથી ઊંચું.
- ટેલિકોમ કાંતિના કારણે દેશમાં ૯૦ કરોડ ફોન છે : સામ પિત્રોડા.
- અમદાવાદ-મુંબઇ ડબલ ડેકર એસી ટ્રેન આજથી શરૂ થશે.
- પાકિસ્તાનમાં પૂર્વ રાષ્ટ્રપતિ આસીફ અલી ઝરદારીના કેસની સુનાવણી તા. ૨૫મીએ થશે.
- મનાલી-લેહ હાઇવે પર કલાકોથી ટ્રાફિક જામ.
- પશ્ચિમ બંગાળમાં હવે પુરથી તારાજી, ૫૦૦ કુટુંબો તારાજ.
- આતંકવાદી કસાબે ફાંસીની સજા બંધ રાખવા રાષ્ટ્રપતિને અરજી કરી.
- એફ.ડી.આઇ.ના વિરોધમાં જામનગર બંધ રહ્યું.
- વિશ્વ પ્રસિધ્ધ તરણેતરના મેળાનો આજથી પ્રારંભ.
- ૧૭ લાખ ભારતીય મુસ્લિમો હજ કરવા મક્કા જશે.
- સીરિયાના બનાવોથી સંયુક્ત રાષ્ટ્રસંઘ ચિંતામાં.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા આજે પશુપાલન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યના કિસાનો અને પશુપાલકોનાં ઉત્થાન માટે ગુજરાત સરકાર દ્વારા યોજવામાં આવેલ કૃષિ મહોત્સવ-૨૦૧૨ના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાક સંઘ દ્વારા પશુપાલન શિબિર ૧૯મી સપ્ટેમ્બર-૨૦૧૨ને બુધવારે સવારે ૮ થી ૧ કલાક સુધી ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

પશુપાલન શિબિરના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક તરીકે કૃષિ, સહકાર, પશુપાલનગૌસંવર્ધન અને મત્સ્યોદ્યોગ મંત્રી દિલીપભાઈ સંઘાણી અને આમંત્રિત મહેમાન તરીકે ધારાસભ્ય શંભુજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય બળદેવ ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, ડૉ. એ.જે. કાછીઆ પટેલ અને અશોકભાઈ ભાવસાર ખાસ ઉપસ્થિત રહેશે.

સેકટર-૧૪ ખાતે ગણેશ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૧૪માં દર વર્ષની જેમ સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ યુવક મંડળ દ્વારા તા. ૧૯મીએ શોભાયાત્રા, ૨૦મીએ સુંદરકાંડ ૨૧મીએ ભજન સંધ્યા, ૨૨મીએ રાસ ગરબા, મહાઆરતી, ૨૩મીએ બાળ રમતમત અને ૨૪મીએ વિસર્જન યાત્રા યોજાશે.

સાર્વજનિક ગણેશ મહોત્સવ, સેકટર-૧૪ના શોપિંગ સેન્ટરની સામેના મેદાનમાં યોજાશે એમ ગણેશ યુવક મંડળના પિન્ટુ બારોટ હર્ષદ અને ચિરાગે જણાવ્યું છે.

આજે સે-૨૨માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૮

ભાનુબેન જશંવતભાઈ મોદીને ત્યાં તા. ૧૯મી સપ્ટેમ્બરે બપોરે ૨.૩૦ કલાકે શ્રેયસ સોસાયટી બંગલાનં. ૩૬૫, સેકટર-૨૨, ગાંધીનગરમાં આનંદનો ગરબો રાખેલ છે.

સે.-પસી નવરાત્રી સમિતિના હોદેદારો

નવરાત્રી મહોત્સવ ૨૦૧૨ની ભવ્ય ઉજવણી માટે સે.-પસી નવરાત્રી સમિતિના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

સતત ૧૧માં વર્ષે ડૉ. રાજેન્દ્રભાઈ પટેલની પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ ચે. ઉપ પ્રમુખ ભરતસિંહ ગોલ, રતિલાલ પટેલ, મહેન્દ્રભાઈ પરમાર, વાસુદેવભાઈ મિસ્ત્રી, મંત્રી તરીકે નરેશભાઈ પરમાર, ખજાનચી અશોકભાઈ પટેલ, ઓડિટર અરૂણભાઈ ત્રિવેદી, સહમંત્રીા જીતુભાઈ મિસ્ત્રી, કમલેશ પટેલની નિમણુક થયેલ છે.

કારોબારી સમિતિમાં દશરથભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, અલ્પેશભાઈ પ્રજાપતિ, છગનભાઈ દેસાઈ, કીર્તિસિંહ વાઘેલા, બીપીનભાઈ જાની, રમેશભાઈ પરમાર, રાજુભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, યોગેશભાઈ શુકલ, રાજુભાઈ ત્રિવેદી, યુવા પ્રમુખ ગૌરવ જોશી, યુવા કારોબારી પરિક્ષિત વાઘેલા, ધ્રુવેશ ભટ્ટ, મનની ત્રિવેદી, અપૂર્વ ગઢવી. સલાહકાર સમિતિમાં રાકેશ પટેલ, સી.વી. ગોહિલ, મુળજીભાઈ ઉપાધ્યાય, અશોકભાઈ પટેલ,પ્રા. નટુભાઈ પટેલ, અમરથદાન ગઢવી નિમાયા છે.

ચક્ષુદાન લેવાયું

ગાંધીનરના સેક્ટર-૪-એ, પ્લોટ નં. ૨/૧ના રહેવાસી હિરાબા નાથાલાલ પ્રજાપતિનો ૯૫ વર્ષની વયે સ્વર્ગવાસ થતા તેમના પરિવારજનોની સંમતિથી તથા ડૉ. મીનલબેન પારેખની પ્રેરણાથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું.

જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગરના કાર્યકર શનિભાઈ વાઘેલા અને કિરણસિંહ વાઘેલાએ આ સંદર્ભે જરૂરી સેવા પુરી પાડી હતી. ચક્ષુદાન ચક્ષુબેંકમાં પહોંચાડવામાં મોહનાઈ મકવાણાએ સેવા આપી હતી.

Hello ફ્રેન્ડ્સ! (પાના નં. ૪ નું ચાલુ)

રૉલ્સ રૉયઝ એ મોટા ભાગે રાજાઓ અથવાનો મોટી સેલિબ્રીટીને ત્યાં જ જોવા મળે છે. ઈરાનના રાજા મોહમ્મદ પહલવી, માઈકલ જેકશન, સિલ્વેસ્ટ સ્ટેલિન, એલ્વિસ પ્રિસ્લે, ઝિમ્બાબ્વેનાં રોબર્ટ મુંગામ્બે, ફુટબૉલ પ્લેર ડેવિડ બૅકહેમ, લિંડસે લોહાન, જેનિફર લોપેઝ... જેવી હસ્તીઓ આ ગાડીની માલિક બનેલી છે. ભારતની અંદર આ ગાડીની રૉલ્સ રૉયઝ ફેન્ટમ સીરીઝની બેજ મોડેલ ગાડી વેચાય છે, રૉલ્સ રૉયઝ એની ગાડી વેચવાનાં પણ કાયદા બનાવ્યાં છે તેઓ ગમે તે વ્યક્તિને ગમે તે પ્રકારનું મોડેલ ઑફર પણ કરતાં નથી!!

ક્વિન ઑફ ધ કાર રૉલ્સ રૉયઝની જે ગાડીઓ ભારતમાં વેચાય છે એની કિંમત માત્ર સાડા ત્રણ અને ચાર કરોડ છે!! અને આ ગાડી આનાથી પણ મોંઘી મળે છે. જેનાં મૉડલ ભારતમાં સહજપણે જોવાં મળતી નથી... ભારતમાં રૉલ્સ રૉયઝની માલિકોની યાદીમાં કાશ્મીરનાં મહારાજા, વડોદરાનાં ગાયકવાડ મહારાજ, રવિન્દ્રનાથ ટાગોર, વિજય માલ્યા, અમિતાભ બચ્ચન, સંજય દત્ત, મહારાજા ઑફ મૈસુર, સચિન તેંડુલકર... વગેરેનો સમાવેસ થાય છે!!

ભારત સ્વતંત્ર થયું એ પૂર્વે ભારતનું મહત્ત્વનું અંગ એવું પટિયાલા હતું એ પતિયાલાના લોર્ડ મહારાજ ભૂપેન્દ્રસિંગનાં રાજાશાહી ગેરેજમાં એક-બે નહીં પણ પુરી ૨૭ રૉલ્સ રૉયઝ હતી!! રૉલ્સ રૉયઝ રાજા એમની રાણીઓને ફેરવવાં રાખતાં એટલે બધી ગાડીઓ જનાનખાનામાં રહેતી... મહારાજાએ વધુ એક ગાડી ખરીદવાની માંગણી મુકતા રૉલ્સ રૉયઝ કંપનીએ આપવાની ના પાડી, મહારાજાનું મગઝ છટક્યું અને એમણે પોતાની રૉલ્સ રૉયઝ ગાડીઓમાં દરબાર અને મહેલનો કચરો ભરી ઉકરડે ગાડી મોકલવી ચાલુ કરી... આ વાત ભારતમાં રહેતાં વ્હાયસરોયને ખબર પડી અને એમણે સમજુતી કરાવી કંપનીને વિનંતી કરી કે તેઓ રાજાને ગાડી આપી એમની ગાડીનું થતું અપમાન અટકાવે... કંપનીએ મહારાજાને નવી ગાડી મોકલાવી ત્યાં સુધી ભૂપેન્દરસિંગ રૉલ્સ રૉયઝમાં કચરાનું વહન કર્યું!!

ગાંધીનગરથી માત્ર ૨૫ કિ.મી.ના અંતરે 'દાસ્તાન' વિન્ટેજકાર કલેકશનમાં ૫૦ થી વધુ રૉલ્સ રૉયઝ કાર અવનવાં ઈતિહાસ સાથે સ્થાન ધરાવે છે. જેની વાતો ફરી કયારેક... ટૂંકમાં કેટલીય કારો આવી અને ગઈ પણ રૉલ્સ રૉયઝના તોલે તો કોઈનાં આવે!!

ચૂંટલો :

કિંમતી અને મોંઘામુલી કાર વસાવવાની અને ફેરવવાની દરેકની ઈચ્છા હોય છે, રૉલ્સ રૉયઝ કાર ખરીદવા માત્ર ઢગલો રૂપિયા જ નહીં એ ગાડીને શોભે એવી કીર્તિ પણ કમાવવી પડે છે, બાકી માત્ર રૂપિયાને જોરે એ ગાડી ખરીદાતી નથી!!

હિંમતનગરના કરણપુર નજીક કાર અને ટ્રક વચ્ચે અકસ્માત : બે ના મોત : બે ને ઈજા

અકસ્માતમાં સુરત મહાનગર પાલિકાના ડેપ્યુટી ઈજનેર અને તેમની પુત્રી ને ઈજા

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કરણપુર ગામ નજીક સોમવારના રોજ વહેલી સવારે સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી ઈજનેરની કારને અકસ્માત થતા બે ના મોત નિપજયા હતા અને બે ને ઈજા થવા પામી હતી. આ અંગે ગાંભોઈ પોલીસ મથકને જાણ થતા પોલીસે ઘટના સ્થળ પર જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની ગાંભોઈ પોલીસ મથકના પી.એસઆઈ. જે.આર.ઝાલાએ જણાવેલ કે સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી ઈજનેર જશવંતભાઈ ચૌધરી તેમની જયપુરમાં મેડીકલમાં અભ્યાસ કરી રહેલ પુત્રી હેમુને લેવા તેમના સાળા ભરતભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી અને પ્રવિણસિંહ રૂપસિંહ ડામોર સાથે પોતાની એસ્ટીમ કાર નંબર જીજે-૫-સીજી ૯૧૭૨ માં રવિવારના રોજ સુરતથી જયપુર ગયા હતા. જયાંથી પરત ફરતા સમયે સોમવારના રોજ વહેલી સવારે ૪ વાગે હિંમતનગર થી શામળાજી માર્ગ પરના કરણપુર ગામ નજીક એસ્ટીમ કાર ટ્રક પાછળ ઘુસી જતા કારમાંના ચારેય જણાને ગંભીર ઈજા થઈ હતી તેમાં સ્થળ પર ૨૮ વર્ષ પ્રવિણસિંહ રૂપસિંહ ડામોરનું મોત નિપજયું હતું. જયારે ત્રણે ઈજારગ્રસ્તને ૧૦૮ દ્વારા સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ જયાં સારવાર દરમિયાન ઉપ વર્ષીય ભરતભાઈ લક્ષ્મણભાઈ ચૌધરીનું મોત નિપજયું હતું. જયારે સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી ઈજનેર જશવંતભાઈ ચૌધરી અને પુત્રી હેમુ બંને સારવાર હેઠળ છે. આ અંગે ગાંભોઈ પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા તાલુકાના ચોગામડા ગામમાં આવેલી ક્વોરીઓમાં મોટો અકસ્માત થવાની ભીતી

ધનસુરા, તા. ૧૮

ધનસુરા તાલુકાના ચોગામડા ખાતે આવેલી ક્વોરીઓમાં ખૂબજ ઊંડા ખાડા કરવામાં આવ્યા છે. પરંતુ સુરક્ષાના ભાગરૂપે ત્યાં કોઈ પણ પ્રકારનું ફેન્સીંગ અથવા તો પતરાની દિવાલ કરવામાં આવી નથી. આથી જ ગામના લોકોમાં એ વાતનો ભય છે કે તેમના ઢોર ઢાંખર અથવા તો નાના બાળકો આનો ભોગ ન બને. તે માટે ક્વોરીના માલીકો આ ક્વોરીના ફરતે ફેન્સીંગ વાડ બનાવે તેવી ઉગ્ર માંગણી ગામના રહીશોએ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ચોગામડાના રહીશો વારંવાર ક્વોરી માલીકોના સામે ક્વોરીની ફરતે ફેન્સીંગ વાડ લગાવવાની રજુઆતો કરવા છતાં કોઈપણ ઉકેલ આવેલ નથી. ના છુટકે તેમણે આવું પગલું ભરવું પડ્યું હતું. ક્વોરી ચારેબાજુથી ખુલ્લી હોવાથી ચોમાસામાં કોઈ માણસનો પગ લપસીને ત્યાં અંદર પડે તો તેનું જવાબદાર કોણ. આ બધા પ્રશ્નોને લઈ રજુઆત કરવામાં આવી હતી.

ક્વોરીના માલીકો ગામવાળાની વારંવાર રજુઆતો ધ્યાને લેતા નથી અને ફેન્સીંગ વાડ કરાવતા નથી. આ મામલે તો ઉપલા અધિકારીઓ ક્વોરી વાળાને સ્થળ તપાસ કરી નોટીસ આપી સત્વરે ફેન્સીંગ વાડ ખાણ ફરતે કરાવી મોટો અકસ્માત થતો અટકે તે માટે પગલા ભરે તેવો જ જન આક્રોશ ઉઠવા પામ્યો છે.

ડીસામાં ગણેશોત્સવને પગલે આનંદનો માહોલ છવાયો

ડીસા, તા.૧૮

ડીસા શહેરમાં ગણપતિ મહોત્સવને લઈ ભકતોમાં આનંદ છવાયો છે. દુંદાળા દેવના આ પર્વનું મહત્વ છેલ્લા કેટલાય વખતથી ડીસામાં વધી રહ્યું છે. આઠ દિવસ સુધી વિઘ્નહર્તાના ગુણલા ગવાય છે. બાદમાં મૂર્તિને નદી, તળાવ કે રેમમાં પધરાવી વિસર્જન કરવામાં આવે છે.

ડીસા શહેરમાં પ્રથમવાર વિઘ્નહર્તાદેવની પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યું છે. કુવારા સર્કલ નજીક આવેલા રાજીવ ગાંધી કોમ્પ્લેક્ષમાં ધર્મપ્રેમી જનતા અને વેપારીઓના સહયોગથી ગણપતિ દાદાના મંદિરનું નિર્માણ કરાયું છે. જેમાં મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. આ અંતર્ગત મંગળવારે સવારે ૧૦ કલાકે વિશાળ શોભાયાત્રા નીકળશે અને સવારે ૧૧ કલાકે યજ્ઞ પ્રારંભ થશે. તા. ૧૯-૯-૨૦૧૨ના રોજ ૧૨.૩૯ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. જેમાં ઉપસ્થિત રહેવા ડીસા રાજીવ ગાંધી કોમ્પ્લેક્ષના વેપારી મિત્રો દ્વારા ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે. શહેરના આ સિવાય પણ વિવિધ સોસાયટીઓ અને મહોલ્લામાં ગણેશ ઉત્સવ ભારે ધામધૂમથી ઉજવાય છે.

શિક્ષણ અધિકાર યાત્રાનું માણસામાં સ્વાગત

માણસા, તા. ૧૮

આજે માણસા શહેર ખાતે કોંગ્રેસની શિક્ષણ અધિકારયાત્રાનું આગમન થયા બાદ માણસા કોલેજ ખાતેસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તા અને કોલેજના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

મળતી માહિતી મુજબ રાજ્ય સરકારની શિક્ષણવિરોધી નિતી અને શિક્ષણના વ્યાપારીકરણ સામે વિદ્યાર્થીઓ અને યુવાનોમાં જાગૃતિ લાવવા માટે કોંગ્રેસની વિદ્યાર્થીપાંખ દ્વારા આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે આજે માણસા આવી પહોચી હતી અને માણસામાંતેના ભવ્ય સ્વાગત બાદ શહેરની બધી શાળાઓમાં થઈ માણસા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સભાના રૂપમાંફેરવાઈ હતી. કાર્યક્રમમાં એન.એસ.યુ.આઈ. પ્રદેશ પ્રમુખ ગુલાબસિંહ રાજપુત, પ્રભારી વિશ્વનાથસિંહ, યુવા કોંગ્રેસના અમિત ચૌધરી તેમજ અનેક મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા.

રોગચાળો ગંભીર : મેલેરિયા ૨૬, ઝાડાઉલ્ટીના ૧૭ કેસો

અમદાવાદ, તા.૧૮

શહેરમાં હાલમાં વરસાદ બંધ થયો છે પરંતુ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ચાલુ રહ્યો છે. મ્યુનિસિપલ હોસ્પિટલોમાં આજે મેલેરિયાના ૨૬ કેસ, ઝાડાઉલ્ટીના ૧૭ કેસ, ફાલ્સીપારમ અને ડેન્ગ્યુના પાંચ-પાંચ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ખાનગી હોસ્પિટલો અને દવાખાનામાં મોટી સંખ્યામાં લોકો સારવાર લઈ રહ્યા હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં આજે ઝાડાઉલટીના ૧૭ કેસ, કમળાના ૯ કેસ, ટાઈફોઈડના ૫ કેસ, મેલેરિયાના ૨૬ કેસ, ફાલ્સીપારમના ૫ અને ડેન્ગ્યુના ૫ કેસ નોંધાયા છે. સપ્ટેમ્બર મહિનામાં આજ સુધીમાં ઝાડા ઉલટીના ૨૨૬ કેસ, કમળાના ૧૨૮ કેસ, ટાઈફોઈડના ૬૩ કેસ, મેલેરીયાના ૩૬૬ કેસ, ફાલ્સીપારમના ૧૦૪ કેસ, ડેન્ગ્યુના ૧૧૧ કેસ અને કોલેરાના ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખપદે પોપટલાલ પ્રજાપતિની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર પ્રજાપતિ સમાજના આગામી બે વર્ષ માટે હોદેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખ પોપટલાલ પ્રજાપતિ, ઉપપ્રમુખ ચીમનભાઈ પ્રજાપતિ, અમૃતભાઈ પ્રજાપતિ, મહામંત્રી જશુભાઈ ઓઝા, સહમંત્રી ત્રિભોવનભાઈ પ્રજાપતિ, સંગઠનમંત્રી વિષ્ણુભાઈ પ્રજાપતિ, રમણભાઈ પ્રજાપતિ, પ્રભુદાસ પ્રજાપતિ, ગોવિંદભાઈ પ્રજાપતિ, મંગળદાસ પ્રજાપતિ, પ્રહલાદભાઈ પ્રજાપતિ, ખજાનચી બાબુભાઈ પ્રજાપતિ, સહખજાનચી મનોજભાઈ પ્રજાપતિ, ઓડિટર હરીભાઈ પ્રજાપતિની નિમણુંક કરવામાં આવેલ છે.

આંબલીયા પીક અપ સ્ટેન્ડે અજાણ્યા વાહનચાલકની ટક્કરથી આધેડનું મોત

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકાના આંબલીયા પીકઅપ સ્ટેન્ડ નજીક એક અજાણ્યા વાહન ચાલકે રાહદારીને ટકકર મારતા મોત નિપજયું હોવાની માલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ૧૬-૯-૧૨ના રોજ સાંજના ૬.૧૫ વાગ્યાના સુમારે આંબલીયા પીકઅપ સ્ટેન્ડ નજીક અજાણ્યા ચાલક ટ્રક નં. એસ.આર. ૭૪-૫૭૫૦ના ચાલકે પોતાના કબજાની ટ્રક બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી રોડ ઉપર ચાલતા જતા બાલાભાઈ પરમાભાઈ ચમાર ઉ.વ.૪૫ રહે. ચોરીવાડના માલપુરનાઓને ટકકર મારી નીચે પાડી દઈ કમરના ભાગે વ્હીલ ચઢાવી સ્થળ પર મોત નિપજયું હોવાનું જાણવા મળે છે.

આ બાબતે માલપુર પોલીસ મથકે વિનુભાઈ મીઠાભાઈ ચમારે તા. ૧૬-૯-૧૨ના રોજ ફરીયાદ નોંધાવી હતી. આ અંગે માલપુર પો.સ.ઈ. એચ.પી. ઝાલા ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪,(અ) એમ.વી. એકસ. કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તલોદ પાલિકા દ્વારા ઠેર-ઠેર સ્વચ્છતા અભિયાન ઝુંબેશનો શુભારંભ

તલોદ, તા. ૧૮

તલોદ તાલુકામાં ચોમાસુ ઋતુમાં રોગચાળો ન ફેલાય તે માટે નગરપાલિકા પ્રમુખના નેતૃત્વમાં ઠેર ઠેર સ્વચ્છતા ઝુંબેશનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ સ્થળો અને જાહેર માર્ગો પર સાફ સફાઈ કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકામાં કોઈપણ પ્રકારનો નાનો-મોટો રોગચાળો ન ફાટી નીકળે તે માટે નગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન પટેલના નેતૃત્વમાં આજે ઠેર ઠેર સ્વચ્છતા ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ચીફ ઓફિસરની ટીમ દ્વારા તુલાકના વિવિધ સ્થળો પર પડેલા ખાડા અને તેમા ભરાયેલા પાણી તથા કાદવ તેમજ ગંદકી દૂર કરી - ડસ્ટ (કાળી કપચી) પાથરી સુંદર કરવામાં આવશે તેમજ ગલી મહોલ્લા વિસ્તારોમાં અને જાહેર માર્ગો સાફ સફાઈ કરવામાં આવશે. ઉપરાંત પીવા માટે પાણી દવા યુક્ત આપી રોગોની ઉત્પત્તિ દૂર કરાશે